Upload Midday NATIONAL NEWS AT 1.20 TO 1.30 PM 1-10-2024-1

# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 1-10-2024 Midday : 1.20 to 1.30

Day : Tuesday National News

**આકાશવાણી સમાચાર સિમ્પલ ઠક્કર વાંચે છે.**

*****************************************************

- નવી દિલ્હીમાં હૈદરાબાદ હાઉસ ખાતે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી અને જમૈકાના પ્રધાનમંત્રી વચ્ચે દ્વિપક્ષીય બેઠક. - અનેક કરાર પર હસ્તાક્ષર.
- જમ્મુ-કાશ્મીર વિધાનસભા ચૂંટણીના છેલ્લા તબક્કા માટે આજે સવારે 11 વાગ્યા સુધીમાં સરેરાશ 28.12 ટકા મતદાન નોંધાયું.
- નેપાળમાં પૂરના કારણે મોતને ભેટેલા હજારો લોકોની યાદમાં ત્રણ દિવસનો રાષ્ટ્રીય શોક જાહેર.
- કેન્દ્ર સરકારે ઑક્ટોબરથી ડિસેમ્બરના સમયગાળા દરમિયાન નાની બચત યોજનાઓનો વ્યાજદર યથાવત્ રાખ્યો.
- પેરૂમાં રમાઇ રહેલી આંતરરાષ્ટ્રીય જૂનિયર શૂટીંગ સ્પર્ધામાં ભારતના પાર્થ રાકેશે ડબલ ગોલ્ડ મેડલ જીત્યા.

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# PM- JAMAICA TALKS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે નવી દિલ્હીમાં જમૈકાના તેમના સમકક્ષ ડૉ. એન્ડ્રુ હોલનેસ સાથે દ્વિપક્ષિય સંવાદ કર્યો હતો. હૈદરાબાદ હાઉસ ખાતે પ્રધાનમંત્રી મોદીએ ડૉ હોલનેસનું સ્વાગત કર્યું હતું. દ્વિપક્ષીય સંબંધોને મજબૂત કરવા બંને દેશ

વચ્ચે સંખ્યાબંધ કરાર પર હસ્તાક્ષર થયા હતા. ડો. હોલેનેસની આ પ્રથમ ભારત મુલાકાત છે.

જમૈકાના પ્રધાનમંત્રી તેમની ચાર દિવસની મુલાકાત દરમિયાન રાષ્ટ્રપતિ, ઉપરાષ્ટ્રપતિ સહિત અન્ય મહાનુભાવો સાથે પણ મુલાકાત કરશે તેમજ અને વેપાર અને ઉદ્યોગના અગ્રણીઓ સાથે વાતચીત કરશે. તેઓ આવતીકાલે વારાણસીની પણ મુલાકાત લેશે.

અમારા સંવાદદાતા અહેવાલ આપે છે કે, જમૈકાના પ્રધાનમંત્રીની આ મુલાકાત બંને દેશ વચ્ચે આર્થિક સહયોગને વધુ ગાઢ બનાવશે અને મુખ્ય ક્ષેત્રોમાં સહયોગ વધારશે. જમૈકાના વિકાસલક્ષી પરિયોજનાઓને સમર્થન આપવા ભારત સક્રિય ભૂમિકા ભજવી રહ્યું છે. જમૈકાના કિટ્સન ટાઉનમાં એક ગ્રામીણ વિકાસ પ્રોજેક્ટ વર્ષ 2019માં પ્રધાનમંત્રી  નરેન્દ્ર મોદી દ્વારા જાહેર કરાયેલી 10 લાખ યુએસ ડૉલરના અનુદાન સાથે અમલમાં મૂકવામાં આવી રહ્યો છે. ભારત અને જમૈકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર 66 મિલિયન અમેરિકી ડૉલરને વટાવી ગયો છે, જેમાં ભારતની નિકાસ સતત વધી રહી છે. ભારતીય કંપનીઓએ જમૈકામાં પણ IT અને BPO ક્ષેત્રમાં આર્થિક જોડાણને વધાર્યું છે.

# SC ATISHI DEREMATION CASE

સર્વોચ્ચ અદાલતે દિલ્હીનાં મુખ્યમંત્રી આતિશી અને પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલ સામે અપરાધિક માનહાનિના કેસમાં કાર્યવાહી પર મનાઇ હુકમ ફરમાવ્યો છે. મતદાર યાદીમાંથી ચોક્કસ સમુદાયના 30 લાખ મતદારોના નામ કથિત રીતે કાઢી નાખવાનો AAP નેતાઓ દ્વારા આક્ષેપ લગાવાયો હતો.

આ આક્ષેપો સામે દિલ્હી ભાજપના નેતા રાજીવ બબ્બરે માનહાનિનો કેસ દાખલ કર્યો હતો. જસ્ટિસ હૃષિકેશ રોય અને એસવીએન ભાટીની બેન્ચે ગઈકાલે ટ્રાયલ કોર્ટમાં ચાલી રહેલી કાર્યવાહી પર સ્ટે આપ્યો હતો.  આમ આદમી પાર્ટીનાં

નેતા આતિશી અને અરવિંદ કેજરીવાલે દિલ્હી વડી અદાલતના આદેશને પડકાર્યો હતો, જેણે આ કેસને રદ કરવાનો ઇનકાર કર્યો હતો અને કથિત ટિપ્પણી પ્રાથમિક દૃષ્ટિએ ભાજપની પ્રતિષ્ઠાને હાનિ પહોંચાડનારી હોવાનો આદેશમાં ઉલ્લેખ કર્યો હતો.

## JK ELECTION

જમ્મુ-કાશ્મીરમાં વિધાનસભા ચૂંટણીના ત્રીજા અને છેલ્લા તબક્કા માટે આજે સવારે 11 વાગ્યા સુધીમાં સરેરાશ 28.12 ટકા મતદાન નોંધાયું છે. આમાંથી સૌથી વધુ 33.84 ટકા મતદાન ઉધમપુર જિલ્લામાં નોંધાયાના અહેવાલ છે. અમારા સંવાદદાતા જણાવે છે કે, સાત જિલ્લાની 40 બેઠકના 5 હજાર 60 મતદાન કેન્દ્ર પર સવારથી જ કડક સુરક્ષા વચ્ચે મતદાન ચાલી રહ્યું છે.

જમ્મુ ક્ષેત્રના જમ્મુ, કઠુઆ, સામ્બા તથા કાશ્મીર ખીણના કુપવાડા, બારામૂલા અને બાંદીપુરા જિલ્લામાં આજે મતદાન છે. ચૂંટણી પંચે પણ પારદર્શક અને નિષ્પક્ષ ચૂંટણી યોજવા માટે તમામ મતદાન કેન્દ્ર પર વેબકાસ્ટિંગ, પીવાના પાણી, વીજળી, શૌચાલય, દિવ્યાંગજનો માટે રેમ્પ, વ્હીલચેર, ફર્નિચર અને શેડની સુવિધા કરી છે. હવે આગામી આઠ ઑક્ટોબરે મતગણતરી કરાશે.

## JK ELECTION MODI

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ જમ્મુ-કાશ્મીરમાં ત્રીજા અને અંતિમ તબક્કાના મતદારોને મતદાન કરવા વિનંતી કરી છે. આજે એક સોશિયલ મીડિયા પોસ્ટમાં, શ્રી મોદીએ પ્રથમ વખતના યુવા મતદારો અને મહિલાઓ મોટી સંખ્યામાં મતદાન કરશે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો.

## MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર

માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABADને ફોલો કરી શકો છો.

# REV. IDEX-CONTRACT

ભારતીય સેનાએ નવીદિલ્હીમાં સરકારની મુખ્ય પહેલ ઇનોવેશન ફોર ડિફેન્સ એક્સેલન્સ (iDEX) દ્વારા આઠમા ખરીદ કરાર પર હસ્તાક્ષર કર્યા છે. સંરક્ષણ મંત્રાલયે જણાવ્યું છે  કે, ક્વોન્ટમ સિક્યોરની પ્રથમ પેઢીની ખરીદી માટે ક્યુએનયુ લેબ્સ સાથે  કરાર પર ગઈકાલે સેનાના નાયબ વડા લેફ્ટનન્ટ જનરલ એન.સી. રાજા સુબ્રમણિની ઉપસ્થિતિમાં હસ્તાક્ષર કરાયાં છે.

આ કરાર એલ્ગોરિધમ-આધારિત એન્ક્રિપ્શન સિસ્ટમ્સને બદલશે અને વધુ સુરક્ષા પ્રદાન કરશે. હાલમાં ભારતીય સેના પાસે iDEX હેઠળ કુલ 74 પ્રોજેક્ટ્સ છે આમાં, ભારતીય સેના માટે નવીનતમ અત્યાધુનિક ઉકેલો વિકસાવવા માટે 77 સ્ટાર્ટઅપ્સને સહાય પૂરી પાડવામાં આવી છે.

# NEPAL FLOOD

નેપાળમાં મંત્રી પરિષદની ગઈકાલે યોજાયેલી બેઠકમાં પૂર અસરગ્રસ્ત સમુદાયોના બચાવ અને રાહત કાર્યમાં વધારો કરવા માટે આપત્તિ રાહત ભંડોળ માટે એક અબજ રૂપિયા જાહેર કરવાનો નિર્ણય કર્યો છે. નાણા મંત્રાલય તાત્કાલિક એક અબજ નેપાળી રૂપિયા ઉપલબ્ધ કરાવશે.

મંત્રીમંડળે તાજેતરમાં પૂર અને ભૂસ્ખલનની ઘટનામાં મૃત્યુ પામેલા લોકોની યાદમાં ૩ દિવસ માટે રાષ્ટ્રીય ધ્વજ અડધી કાઠીએ ફરકાવી દેશવ્યાપી શોક મનાવવાનો નિર્ણય કર્યો છે. મંત્રીમંડળે અંદાજિત નુકસાનનો અંદાજ પ્રધાનમંત્રી કાર્યાલય અને મંત્રીપરિષદને સોંપવાનો નિર્ણય પણ કર્યો છે.

સરકારે આગામી તહેવારોને ધ્યાનમાં રાખી જાહેર પરિવહનને યોગ્ય રીતે ચલાવવાનો નિર્ણય પણ કર્યો છે. નેપાળના પ્રધાનમંત્રી કે.પી. શર્મા ઓલીએ સંયુક્ત

રાષ્ટ્રની મહાસભામાં ભાગ લીધા બાદ અમેરિકાથી પરત આવ્યા પછી તાત્કાલિક બેઠક યોજી હતી.

# SMALL SAVINGS YOJANA

કેન્દ્ર સરકારે ઑક્ટોબરથી ડિસેમ્બરના સમયગાળા દરમિયાન નાની બચત યોજનાઓ જેવી પબ્લિક પ્રૉવિડન્ટ ફંડ – PPF અને સુકન્યા સમૃદ્ધિ યોજના – SSYના વ્યાજદરમાં કોઈ ફેરફાર નથી કર્યો. સરકારના આ નિર્ણયથી નાની બચત યોજનાઓ પર જુલાઈ અને સપ્ટેમ્બરના સમયગાળામાં મળતો વ્યાજદર જ યથાવત્ રહેશે. નાણા મંત્રાલયે જાહેર કરેલા સૂચનમાં આ મુજબ જણાવવામાં આવ્યું છે.

નાની બચત યોજનાઓમાં સૌથી વધુ 8.2 ટકા વ્યાજ સુકન્યા સમૃદ્ધિ યોજના અને વરિષ્ઠ નાગરિક બચત યોજના પર મળી રહ્યું છે. જ્યારે રાષ્ટ્રીય બચત પ્રમાણપત્ર પર 7.7 ટકા, કિસાન વિકાસપત્ર અને મહિલા સન્માન બચત પ્રમાણપત્ર પર 7.5 ટકા, માસિક આવક યોજના પર 7.4 ટકા અને પબ્લિક પ્રૉવિડન્ટ ફંડ પર 7.1 ટકા વ્યાજ મળી રહ્યું છે.

# AUGUST- CREDIT-GROWTH

ભારતીય રિઝર્વ બેંકે ધિરાણ સંબંધિત માસિક આંકડા જાહેર કર્યાં છે. ગઈકાલે જારી કરાયેલા આંકડામાં ગયા વર્ષના સમાન સમયગાળાની સરખામણીએ ઓગસ્ટ મહિનામાં કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓને ધિરાણમાં લગભગ 18 ટકાનો વધારો થયો છે.

આ સમયગાળા દરમિયાન ઉદ્યોગ ધિરાણમાં પણ લગભગ 10 ટકાનો વધારો થયો છે. રસાયણો અને રાસાયણિક ઉત્પાદનો, ખાદ્ય સંસ્કરણ, પેટ્રોલિયમ અને માળખાગત ધિરાણ જેવા મુખ્ય ઉદ્યોગોમાં વૃદ્ધિ જોવા મળી હતી. જોકે, સેવા ક્ષેત્રમાં ધિરાણ વૃદ્ધિમાં ઘટાડો થયો છે. ઓગસ્ટ મહિનામાં તેમાં 15.6 ટકાનો વધારો થયો હતો

જ્યારે ગયા વર્ષે ઓગસ્ટમાં આમાં 21 ટકાનો વધારો થયો હતો. આનું કારણ નોન-બેંકિંગ કંપનીઓમાં ઓછી ધિરાણ વૃદ્ધિ છે.

# BJP JHARKHAND

આસામના મુખ્યમંત્રી અને ઝારખંડ ભાજપના સહ-ચૂંટણી પ્રભારી, હિમંતા બિસ્વા સરમાએ કહ્યું કે, આ બુધવારે ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે સંક્ષિપ્ત પક્ષ ઢંઢેરો જાહેર કરાશે.

રાંચીમાં પત્રકારો સાથે વાત કરતા શ્રી સરમાએ કહ્યું કે, સંપૂર્ણ ચૂંટણી ઢંઢેરો થોડા દિવસો બાદ પ્રસિદ્ધ કરાશે. તેમણે ઉમેર્યું કે, હેમંત સોરેન સરકાર ઝારખંડ રાજ્યની રચનાનો હેતુ સિદ્ધ કરવામાં નિષ્ફળ રહી છે. ભાજપે રાજ્યના સર્વાંગી વિકાસ માટેની વ્યૂહરચના તૈયાર કરી છે.

# REV. DAY CRICKET

**કાનપુરમાં રમાઇ રહેલી બીજી ટેસ્ટનાં પાંચમા દિવસે ભારતે બાંગલાદેશ સામે 2 વિકેટે 37 રન કર્યા હતા. અગાઉ બાંગલાદેશે 26 રને બે વિકેટનાં ગઈ કાલનાં સ્કોરથી બેટીંગ ચાલુ કરતા 146 રનમાં ઓલઆઉટ થઈ ગયું હતું. ગઈ કાલે ચોથા દિવસે ભારતે નવ વિકેટે 285 રને પ્રથમ ઇનિંગ ડિક્લેર કરીને 52 રનની સરસાઈ મેળવી હતી. આમ ભારતને મેચ જીતવા 95 રનની જરૂર છે. ચેન્નાઇમાં યોજાયેલી પ્રથમ મેચમાં ભારતે બાંગલાદેશને હરાવ્યું હતું.**

# ISRAEL-LEBANON CONFLICT

ઇઝરાયેલે દક્ષિણ લેબનોનમાં હુમલાઓ કરતાં તણાવ વધી ગયો છે.. ઇઝરાયેલી સંરક્ષણ દળોએ ઉત્તરમાં ઇઝરાયેલી સમુદાયોના રક્ષણ માટે સરહદ નજીકના હિઝબુલ્લાહના સ્થળોએ આ હુમલા કર્યા છે. ઓપરેશન નોર્ધન એરોઝ હેઠળ ઇઝરાયેલે વ્યૂહરચના અનુસાર હુમલાઓ કર્યા હતા. ઇઝરાયેલના આ  હુમલાઓ બાદ

લેબેનોનના આરોગ્ય મંત્રાલયે અહેવાલ આપ્યો છે કે, ગઈકાલે  થયેલા હુમલામાં ઓછામાં ઓછા 95 લોકો માર્યા ગયા હતા.

દરમિયાન, ઇઝરાયેલ અને હમાસે લેબનોનમાં હમાસના વડા ફતેહ શરીફ અબુ અલ-અમીનના મૃત્યુની પણ પુષ્ટિ કરી છે. જ્યારે પેલેસ્ટાઇનની મુક્તિ માટે પોપ્યુલર ફ્રન્ટ (PFLP)ના ત્રણ સભ્યોના મૃત્યુ થયા હોવાના પણ અહેવાલ છે. પેલેસ્ટિનિયન સશસ્ત્ર જૂથે મૃતકોની ઓળખ લશ્કરી સુરક્ષા વડા મોહમ્મદ અબ્દેલ-આલ, લશ્કરી કમાન્ડર ઈમાદ ઓદેહ અને અબ્દેલ રહેમાન અબ્દેલ-આલ તરીકે કરી હતી.

# ACTOR GOVINDA INJURY

હિન્દી સિનેમાના અભિનેતા ગોવિંદાને પગમાં ગોળી વાગતાં તેમને ખાનગી હૉસ્પિટલમાં દાખલ કરાયા હતા, જ્યાં તબીબોએ તેમનું ઑપરેશન કરતાં હાલમાં તેમની તબિયત સારી હોવાના અહેવાલ છે. એક ઑડિયો સંદેશ જાહેર કરીને પણ અભિનેતા ગોવિંદાએ પોતે સલામત હોવાની માહિતી આપી હતી.

તેઓ આજે સવારે કોલકાતા જવા તૈયાર થઈ રહ્યા હતા. દરમિયાન સવારે પોણા પાંચ વાગ્યાની આસપાસ તેમના હાથમાંથી બંદૂક પડી જતાં એક ગોળી તેમના પગમાં વાગી ગઈ હતી. આ તરફ ફિલ્મ અભિનેતા રજનીકાન્તને એક ઑપરેશન માટે ચેન્નઈની હૉસ્પિટલમાં દાખલ કરાયા હોવાના અહેવાલ છે.